મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૫ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૧૧ મેઘમલ્હારમાં તસ્કરોનો આતંક

બીજેથી પાંચમે માળે તસ્કરોએ પાંચ ઓફીસોના તાળા તોડયા : સીસીટીવી સજ્જ વિસ્તારમાં પણ બિન્દાસ્ત ચોરીઓ થતા વેપારીઓ ભયભીત

ગાંધીનગર, તા.૧

શહેરના સૌથી મોટા ગણાતા વાણિજય સંકુલ સે-૧૧ ખાતે તસ્કરોએ પગપેસારો કરી પોલીસને પડકારી છે. સીસીટીવી કેમેરાથી સજ્જ આ સે-૧૧ ખાતે મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષમાં રાત્રી દરમિયાન ઘુસેલા તસ્કરોએ બિન્દાસ્ત પાંચ ઓફીસોના તાળા તોડયા હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે કોઈ મોટી માલમત્તા હાથ ન લાગી હોવાથી વેપારીઓએ પોલિસ ફરિયાદ કરવાનું ટાળ્યુ હોવાનું પોલિસે જણાવ્યું છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૧૧ મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષમાં ઓફીસ નં. ૨૦૨માં બીજે માળ ચાલતી એઈમ્સ હોલીડેઝ અને ઓફીસર્સ લાયબ્રેરીનું તાળુ ખોલતા કર્મચારી રીતી મહેતા તથા પ્યુન સવારે પહોંચ્યા ત્યારે ઓફીસનો દરવાજો ખુલ્લો જોઈ ચોંકી ગયા હતા. ઓફીસનો દરવાજો ખુલ્લો હતો અને તાળુ તુટેલી હાલતમાં બાજુમાં પડયું હતું. આ સંદર્ભે ઓફીસ માલિક જયભાઈ વિરાણીને કર્મચારીએ ફોન કરી જાણ કરતાં પોલિસ બોલાવવા જયભાઈએ સુચના આપી હતી. સે-૭ પોલીસ આવી અને આ ઓફીસનું નિરીક્ષણ કરતી હતી ત્યારે લીફટમેન મારફતે જાણવા મળ્યું કે આ ઓફીસની બાજુમાં આવેલી આઈ.સી.એ ઈન્સ્ટીટયુટનું પણ તાળુ તુટેલું છે અને તે ઉપરાંત ત્રીજા માળે બે ઓફીસોના અને પાંચમે માળે એક ઓફીસના દરવાજાના નકુચા તુટેલા છે. પાંચ પાંચ ઓફીસોના તાળા નકુચા તોડી તસ્કરોએ બિન્દાસ્ત ચોરી કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ કોઈ મોટી માલ મત્તા ચોરોને હાથ લાગી ન હતી. ૨૫ જેટલા કોમ્પ્યુટર્સ હતા પરંતુ ચોરોએ કોમ્પ્યુટર્સને હાથ લગાવ્યો ન હતો. સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરવાનું કામ શરુ કરાયું છે. જો કે આ મામલે વેપારીઓએ ફરિયાદ કરવાનું ટાળ્યું હોવાનું પોલીસનું કહેવું છે.

નવરાત્રી મહોત્સવ સમિતિ સેકટર-૩બી ગાંધીનગર દ્વારા આયોજીત રજત જયંતિ મહોત્સવ-૨૦૧૭ અંતર્ગત બપોરે ૨ કલાકે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો માતાજીના ચાચરચોક ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી. સમગ્ર ચોકમાં આનંદના ગરબા દરમિયાન સુંદર ભકિતમય વાતાવરણ સર્જાયું હતું. જયારે રાત્રે ૮ .૩૦ કલાકે ગુજરાતી ખ્યાતનામ કલાકાર વિક્રમ લાબડીયાના સ્વરે લોકડાયરો યોજાયો હતો. જેમાં લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિની રસસભર વાતો રજુ કરવામાં આવી હતી. લોકડાયરાની મોજ માણવા મોટીસંખ્યામાં નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા.

મા આદ્યશકિત જગદંબાની આરાધનાના પર્વ નવરાત્રિનું સમાપન થતા 'મા અંબા'ની પ્રતિકૃતિ સમા 'ગરબા' વળાવી દેવાયા છે. આ ગરબા અંતે ઠેબે ચઢી કોઈની ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડે તેના કરતા તેનો યોગ્ય ઉપયોગ થવો અત્યંત જરુરી બન્યું છે. ગાંધીનગરની એમ.બી. ઈંગ્લિશ મિડીયમ સ્કુલ ધોરણ-૧૧માં અભ્યાસ કરતી સેકટર-૬ નિવાસી કુ. રીયા નિમાવતે આ જ ગરબાને 'પક્ષી ઘર' તરીકે વૃક્ષ પર બાંધી પર્યાવરણ પ્રેમીનું ઉદાહરણ પુરું પાડયું છે.

કરાઈ ગામની ૧૨ વર્ષની કિશોરીને મધ્યપ્રદેશનો શખ્સ ભગાડી ગયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા કરાઈ ગામમાં રહેતી ૧૨ વર્ષની કિશોરીને લલચાવી ફોસલાવીને મુળ મધ્યપ્રદેશનો એક શખ્સ ભગાડી જતા ચકચાર મચી જવા પામી છે. કિશોરીનું અપહરણ કરી જાટ કર્મ કરવાના ઈરાદે ભગાડી જનાર શખ્સ દોઢ મહિનો થઈ ગયો હોવા છતાં પરત આવ્યો નથી. તેનો કે કિશોરીનો કોઈ પત્તો લાગ્યો નથી. કિશોરીના પિતાએ આખરે ડભોડા પોલિસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

૧૨ વર્ષીય કિશોરીના પિતાએ નોંધાવેલી પોલિસ ફરિયાદ મુજબ તેની દિકરીને મુળ મધ્યપ્રદેશનો અને હાલ જામનગરના નેસડામાં રહેતો શખ્સ પિન્ટુ માવડા ૧૪ ઓગષ્ટે મોડી સાંજે ઘરેથી ભગાડી ગયો હતો. બોરકુવા પર રહેતી આ કિશોરીને લલચાવી ફોસલાવીને લગ્ન કરવાની લાલચ આપી જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી ગયેલા આ શખ્સ પિન્ટુનો કે ૧૨ વર્ષની કિશોરીનો હજુ સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી. આ મામલે કિશોરીના પિતાની ફરિયાદ લઈ ડભોડા પોલીસે પિન્ટુ નામના શખ્સ સામે આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬ મુજબ ગુનો દાખલ કરી સીપીઆઈ વાય.એમ.મિશ્રાને તપાસ સોંપી છે.

મંગળવારે જ્યોતિ મહિલા મંડળની બેઠા ગરબા અને ગરબા શણગાર સ્પર્ધા

ગાંધીનગર, તા.૧

જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગાંધીનગર શહેરમાં ગ્રૂપમાં બેઠા ગરબા અને ગરબા શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રિને અનુલક્ષીને આપણી વૈશ્વિક વિરાસત સમા પૌરાણિક ગરબા સંસ્કૃતિને જીવંત રાખવાના પ્રયાસ રૂપે આ સ્પર્ધા દર વર્ષે યોજવામાં આવે છે. આ સ્પર્ધા તા. ૩જી ઓકટોબરે બપોરે ૧.૩૦ કલાકે સેકટર-૨૩માં શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ભાગ લેવા જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચે જાહેર નમ્ર અનુરોધ કર્યો છે.

ગાંધીનગરમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ગુડાના અધ્યક્ષ આશીષ દવે, સહજાનંદ એચવીર સ્કુલના રોહિત રાવલ અને સમાજના પ્રમુખ પિનાકીન રાવલ સહિત મહિલા કોર્પોરેટરો, સમાજના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ઉનાવા એન્જીનિયરીંગ કલબની સ્થાપના કરાઈ

આણંદ વિદ્યાનગરની સૌથી જુની અને જાણીતી સંસ્થા બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ભૂતપૂર્વ એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓનો સ્હેનમિલન સમારોહ ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામે યોજાયો હતો. જેમાં મોટીવયના અંદાજીત ૨૦૦થી વધુ એન્જીનિયરીંગ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉનાવા એન્જીનિયરીંગ કલબની સ્થાપના કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામે વિદ્યાર્થી આશ્રમ શાળા ખાતે ઉનાવા એન્જીનિયરીંગ કલબની સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે બીવીએમ એન્જીનિયરીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્હેનમિલન સમારોહ યોજાયો હતો. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ૬૦ વર્ષથી વધુની વયના હતા. આ કલબના સ્થાપક પ્રમુખ તરીકે રાજયના ઉર્જા વિભાગમાં ફરજ બજાવતા ઘનશ્યામભાઈ પટેલની વરણી કરવામાંઆવી હતી. આ પ્રસંગે એલીકોન કંપનીના સીઈઓ જે.એસ.પટેલ હાજર રહીને પ્રેરણાદાયી વકતવ્ય પુરુ પાડ્યું હતું. આ પ્રસંગે તેઓએ જણાવ્યું હતું કે ઉનાવા ગામ તેમજ એન્જીનિયરીંગ કલબને જયાં જરૂર જણાય ત્યાં પોતાના થી થતી તમામ પ્રકારની મદદ કરશે. ઉનાવા ગામમાંથી વધુને વધુ એન્જીનિયર્સ આપી રાષ્ટ્ર તેમજ રાજયનું ભલુ કરી સમાજને ઉપયોગી થવાના સંકલ્પ લેવડાવ્યા હતા. તેઓ ઉનાવા ગામની આશ્રમશાળાના પણ સ્થાપક છે. કલબ દ્વારા સૌ પ્રથમ કાર્યક્રમ આગામી તા.૧૫ ઓકટોબરના રોજ સ્વચ્છતા અભિયાનથી કરવામાં આવશે ત્યારબાદ સમાજઉપયોગી કાર્યક્રમો કરવામાં આવશે.

@ગાંધીનગર

● સે-૭ યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ફિઝીયોથેરાપી અને આયુર્વેદિક કેમ્પ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન ૬/૭ બસ સ્ટેન્ડ નજીક આવેલા ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળના ઉપક્રમે 'ગાંધી જીવન દર્શન'ની નિબંધ સ્પર્ધા સવારે ૯.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલય ખાતે યોજાશે.

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર અને ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન અને આદર્શ અમદાવાદના સહયોગથી કુદરતી ઉપચાર, સૂર્યચિકિત્સા કુદરતી ઉપચાર પધ્ધતિ પર કાર્યક્રમ બપોરે ૩.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે યોજાશે.

● જલારામ સેવા સમાજ દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે જલારામ મંદિર ખાતે રાત્રે ૮ કલાકે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● શહેર વસાહત મહાસંઘ દ્વારા ચિંતન બેઠક બપોરે ૩.૩૦ કલાકે જુના સચિવાલય ઉપહાર ગૃહ ખાતે યોજાશે.

● સે-૩-બી રજત જયંતિ મહોત્સવમાં સવારે ૯.૩૦ કલાકે નવચંડી યજ્ઞ અને ભોજન પ્રસાદનું આયોજન કરેલ છે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન જાનકીબેન આર. ઉપાધ્યાય એ-૩૦૧ રાધે-૧૧૧, કુડાસણ ખાતે યોજાશે.

● પ્રધાનમંત્રી મુંદ્રા યોજના અંતર્ગત રાજય તરીધ વેન્ડર્સ સમિતિ ગુજરાત દ્વારા આયોજીત મુંદ્રા પ્રોત્સાહન અભિયાનનો પ્રારંભ સવારે ૯.૩૦ કલાકે મહાત્મા મંદિર ખાતે થશે.

● આપણું ફાઉન્ડેશન દ્વારા દિવાળી પર્વને અનુલક્ષીને સે-૨૮ આદિવાડા સરકારી પ્રાથમિક શાળા ખાતે સવારે ૮.૦૦ કલાકે પેઈન્ટીંગ ફેસ્ટીવલ ઉજવાશે.

આઈ લવ માય ગાંધીનગર

ચેતના ચાવડા
શિક્ષક

ગાંધીનગર ગમે

આ શહેર પોતાની નોકરીયાત વર્ગ માટેના શહેરની ઓળખાણને બદલીને અનેક શિક્ષણવિદ, વૈજ્ઞાનિક, બિલ્ડર, પર્યાવરણ પ્રેમી, ધાર્મિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓથી ધબકી રહ્યું છે ને એટલે તે ખૂબ ગમે છે.

નગરજનો

ઉચ્ચતમ વિચારસરણી ધરાવતા વિચક્ષણ અને લાગણીશીલ વ્યક્તિઓ આ શહેરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, લાયન્સ-રોટરી ક્લબ, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, આર્ષ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓથી વાકેફ છું અને તે મને ખૂબ ગમે છે.

નગરને બહેતર બનાવવા

શહેરને સ્વચ્છ અને સુદૃઢ બનાવવાની આવશ્યકતા મહેસૂસ થઈ રહી છે.

નગર માટે હું કરી શકું

શિક્ષણ અને રોજગાર માર્ગદર્શન માટેની સેવા શહેરને આપવા માટે હું તૈયાર છું.

બે યુવાનોએ શ્રમજીવી પરિવારની દિકરીની જીંદગી અજવાળી

ગાંધીનગરના વ્યોમ અમીન અને મેહુલ ભોજક નામના સેવાભાવી યુવાનોની સમયસરની સદ્ભાવનાને કારણે ૧૧ વર્ષીય અનિતા વિકલાંગતાને પામતા બચી

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૧

'ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ.'

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની આ કવિતામાં યૌવનના સામર્થ્ય અને થનગનાટને જે રીતે વ્યકત કરાયો છે તેવો ભાગ્યે જ બીજી કોઈ કૃતિમાં રજૂ થયો હશે. યૌવન એટલે જોશ અને યૌવન એટલે અડગતા. આ સાથે ગાંધીનગરના બે યુવાનોએ તાજેતરમાં સાબિત કર્યું છે કે યૌવન એટલે સહૃદય ઋજુતા અને યૌવન એટલે સદભાવના સાથેની જવાબદારી, શહેરમાં હંમેશા સેવાકીય પ્રવૃત્તિઓ સાથે અગ્રેસર રહેતા આ યુવાનોની સમજદારી ભરેલી અનુકંપાએ એક શ્રમજીવી પરીવારની દિકરીને વિકલાંગ બનતા બચાવી છે.

ગાંધીનગરની પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં પબ્લિક એડમિનિસ્ટ્રેશન પર માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહેલા સિવિલ એન્જિનીયરીંગના ગ્રેજયુએટ વ્યોમ અમીન તથા શહેરના સેકટર-૧૧માં સેમસંગ કંપનીમાં સેલ્સ માર્કેટીંગમાં જોબ કરતા આર્ટસ ગ્રેજયુએટ મેહુલ ભોજક બંને ખૂબ સારા મિત્રો હોવા સાથે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સતત અગ્રેસર રહે છે. ગત શ્રાવણ માસના પ્રથમ દિવસે જ સેકટર-૧૧ની ઝુંપડપટ્ટીમાં ગરીબ પરીવારોને ખિચડી વહેંચવા ગયેલા ત્યારે બંને મિત્રોએ અનિતાની હાલત જોઈ પૃચ્છા કરતા ખબર પડી કે બે વર્ષ પહેલા દોડતા દોડતા ખાડામાં પગ આવી જવાથી તેના ડાબા પગનું હાડકું તુટી ગયું હતું. આ સમયે કોઈક સેવાભાવી સજ્જનની મદદથી તેનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. અને પગમાં સળીયો નાંખવામાં આવ્યો હતો. જો કે છેલ્લા બે ત્રણ માસમાં કોઈ કારણોસર તેનો પગ ફરી વળી ગયો અને તેમાંથી હાડકું બહાર આવી ગયું હતું. જેમાં કેટલાક ભાગે સડો પડવાની શરૂઆત પણ થઈ ચુકી હતી. સેકટર-૨૪ની સરકારી પ્રાથમિક શાળાના ધો-૪માં અભ્યાસ કરતી માંડ ૧૧ વર્ષીય અનિતાના પિતા પ્રકાશભાઈ વાનકોડિયા ઓટોમાબાઈલમાં વપરાતા ગ્રીસનો છુટક ધંધો કરે છે અને સે-૧૧માં છાપરું બાંધીને રહે છે જયાં તેમનો પાંચ બાળકોનો પરિવાર છે. તેમની આર્થિક હાલત એવી નથી કે અનિતાને હોસ્પિટલમાં સારવાર અપાવવા લઈ જઈ શકે કારણ કે તેઓ બતાવવા ગયા ત્યારે તબીબે ફરીથી ઓપરેશન કરવું પડશે તેવું નિદાન કરી મસ મોટા ખર્ચનો અંદાજ આપ્યો હતો.

અનિતાની હાલત જોઈ બંને યુવા મિત્રો વ્યોમ અને મેહુલે નક્કી કર્યું કે તેઓ તેની સારવાર કરાવશે અને ફરી તેને દોડતી કરશે. શ્રાવણ માસના અત્યંત વ્યસ્ત શિડયુલ પછી બંને આ દિકરીને સિવિલ હોસ્પિટલ લઈ ગયા અને સારવારનો પ્રારંભ કરાવ્યો. નિદાન દરમિયાન ડોકટરે જણાવ્યું કે જો અનિતાને સારવાર અપાવવામાં વધુ મોડું થાય તો તેણે પગ ગુમાવવો પડે તેવી સ્થિતિ છે એટલે તાત્કાલિક ઓપરેશનનો નિર્ણય લેવામાં આવ્યો. ઓપરેશન દરમિયાન પગમાં સડાને કારણે જુનો સળિયા બહાર કાઢવામાં ૨૦ મિનિટના અંદાજને બદલે દોઢ કલાક લાગી ગયો પરંતુ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના બે ઈન્ટર્ન ડોકટર્સ ડૉ. વિરેન જલંધરા અને ડૉ. વિરલ કાલસરિયાની ધગશ તથા ખંતપૂર્વકની મહેનતના અંતે પ્રથમ ઓપરેશનના અંતે અનિતાના પગમાંથી જૂનો સળિયો કાઢી સડી ગયેલો હાડકાનો ભાગ પણ દૂર કરાયો. આશરે પંદરેક દિવસની સમગ્ર સિવિલ હોસ્પિટલની સ્ટાફની સ્નેહભરી સંભાળ બાદ અનિતાનું ફરી ઓપરેશન કરવામાં આવ્યું અને તેના પગમાં નવી પ્લેટ બેસાડી તેનો પગ સીધો કરી દેવાયો છે. હાલ અનિતાને સંપૂર્ણ બેડ રેસ્ટની સારવાર સાથે શકિતવર્ધક પૌષ્ટિક આહાર અને ફળફળાદિ બંને મિત્રો વ્યોમ તથા મેહુલ ઉપરાંત તેમના અન્ય મિત્રો દ્વારા પુરા પાડવામાં આવે છે એટલું જ નહી પરંતુ તેની સાથે વારાફરથી સમય વિતાવી તેને પ્રફુલ્લિત રાખવા પણ બનતો પ્રયત્ન કરવામાં આવે છે. આ મિત્રોના પ્રયાસને કારણે સિવિલ હોસ્પિટલના આરએમઓએ અનિતાની સારવારનો લગભગ સંપૂર્ણ ખર્ચ પણ માફ કરાવી દીધો છે.

ગાંધીનગરની ઝુંપડપટ્ટીના બાળકોને ભણાવવા, તેમનું શાળામાં એડમિશન કરાવવું, વાર તહેવારે તેમને કપડાં-મિઠાઈ પુરા પાડવા, તેમની સુષુપ્ત પ્રતિભાને બહાર લાવવી જેવી પ્રવૃત્તિઓ ઉપરાંત રકતદાન જવી મહત્વની સેવાકીય પ્રવૃત્તિ માટે સતત તત્પર રહેતા વ્યોમ અમીન અને મેહુલ ભોજક તથા તેમના મિત્રો શહેરમાં અનેક યુવા વર્ગની એકિટવીટી સાથે સંકળાયેલા છે. રકતદાન થકી અણીના સમયે જરૂરિયાતમંદનો જીવ બચાવવા ઉપયોગી થતા આ મિત્રો માને છે કે 'મેક બ્લડ ડોનેશન યોર ફેવરિટ એડિકશન' એટલે કે 'રકતદાનને તમારું પ્રિય વ્યસન બનવો.' આજના યુગમાં નશાખોરીમાં યુવાનીને વેડફતા અનેક ભાન ભૂલેલા યુવાનો માટે આદર્શ બની ઉભરી રહેલા ગાંધીનગરના આ યુવા મિત્રો નવો રાહ ચિંધી રહ્યા છે. સોશ્યલ મિડિયા થકી અનિતા ઝડપથી સાજી થઈ દોડતી થાય તે માટે સૌને પ્રાર્થના કરવાની અપીલ કરતા આ બંને યુવાનો એ એક શ્રમજીવી પરિવારની દિવાળી જ નહી એક દિકરીની આખી જીંદગીને અજવાળવાનું કામ કર્યું છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

વાતવાતમાં

● નવરાત્રિના સમાપન બાદ સળંગ ત્રણ રજાઓ હોવાને કારણે ગૃહિણીઓએ દિવાળીનું ગૃહકાર્ય હાથ ધરવાનું મુનાસિબ માન્યું છે.

● નવરાત્રિ બાદ હવે ગરબા રસિકોનું ધ્યાન શરદપૂર્ણિમાની ઉજવણી પર જવા પામ્યું છે. શહેરમાં ખાનગી આયોજક દ્વારા આયોજિત થનારા શરદપૂર્ણિમાના રાસ ગરબામાં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ફેઈમ જેઠાલાલ ઉર્ફે દિલીપ જોષી અને 'ટપુડો' ઉર્ફે ભવ્ય ગાંધી પધારવાના છે.

● સેકટર-૨૯માં એક પરિણિતાએ ઘરકંકાસના કારણે આત્મહત્યાના પ્રયાસરૂપે મોટા પ્રમાણમાં ઉંઘની ગોળીઓ ખાધી હતી. આ મહિલાને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાતા હવે તેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

ચિરવિદાય

- સ્વ. જયંતિલાલ કેશવલાલ રાજયગુરૂ, ઉ.વ. ૭૩
- સ્વ. રમેશજી સોનાજી ઠાકોર, ઉ.વ. ૩૭
- સ્વ. અરૂણાબેન જસવંતભાઈ દંતાણી, ઉ.વ. ૧૯
- સ્વ. અશોકકુમાર ચુનીલાલ ગાડલીયા, ઉ.વ. ૪૩
- સ્વ. પુનમબેન વાલજીભાઈ દવે, ઉ.વ. ૯૪